Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# CIMS NEWS CARE & CURE

Price : ₹ 5/-
Volume-16 | Issue-185| December 25, 2025



CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-185| December 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# નબળાં હૃદયની મજબૂત સારવાર: VAD



**ડૉ. ધીરેન શાહ**
MB, MS, MCh (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme
+91 98255 75933
dhiren.shah@cims.me | www.dhirenshah.in

હાર્ટ ફેઈલ્યોર એ મોટા પ્રમાણમાં જોવા મળતી લાંબા સમયની એક સ્થિતિ છે જે હૃદયના સ્નાયુઓ નબળા પડે અને શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહીનો પૂરવઠો પહોંચાડવા માટે લોહીને પંપ કરવા સક્ષમ ન રહે ત્યારે સર્જાય છે. હાર્ટ ફેઈલ્યોર સમય વીતવાની સાથે વધારે કથળતું જાય છે અને સતત ઊંચા બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, વાલ્વની બીમારી કે હૃદય રોગના અન્ય સ્વરૂપો અથવા જન્મજાત ખામીના કારણે પેદા થાય છે. તેની સારવાર કરવામાં ન આવે તો પૂરાત પ્રમાણમાં લોહીનો પૂરવઠો ન મળવાના કારણે અંગો ધીમે ફેઈલ થાય છે, તેના કારણે અનેક પ્રકારની તબીબી સમસ્યાઓ પેદા થાય છે જેનાથી વ્યક્તિના જીવનની ગુણવત્તાને અસર થાય છે અને ઘણી વખત મૃત્યુ પણ નીપજે છે.

તમને અથવા તમે જાણતા હો તેવી કોઈ વ્યક્તિને હાર્ટ ફેઈલ્યોર હોય, જેને કન્જેસ્ટિવ હાર્ટ ફેઈલ્યોર પણ કહેવાય છે, તો તમે એકલા નથી. અમેરિકન હાર્ટ એસોસિયેશન મુજબ 50 લાખથી વધારે અમેરિકાનો હાર્ટ ફેઈલ્યોરની તકલીફ સાથે જીવી રહ્યા છે, જેમાં દર વર્ષે 670, 000 નવા કેસ નોંધાય છે. ભારતમાં આનાથી અનેક ગણા વધારે દર્દીઓ છે.

હાર્ટ ફેઈલ્યોર ધરાવતા લોકોને ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને થાક લાગે છે. વર્ષો સુધી બ્લોક થયેલી  ધમનીઓ અથવા ઉચ્ચ બ્લડ પ્રેશર સાથે જીવવાથી તમારું હૃદય નબળું પડી જાય છે જેથી તમારા શરીરમાં પૂરતા પ્રમાણમાં લોહી પંપ કરી શકતું નથી તેના લક્ષણો જેમ જેમ કથળતા છે. હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં જાય તેમ તેમ એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોર આગળ લોહી પહોંચાડી ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા વધતું જાય છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોર એશરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને ગંભીર સ્થિતિ છે. એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોર પર 'હાર્ટ પંપ' અથવા 'VAD' તરીકે પણ ઓળખવામાં આવે છે. નિયંત્રણ મેળવવું એ જ યોગ્ય ઉપાય છે. એ હાર્ટમેટ 2 એ ટચુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઈશકે તેવું LVADછે. માટે તમારે તંદુરસ્ત જીવન માટે જીવનશૈલીમાં જે તબીબી ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાંઝડપભેર કેટલાક આવશ્યક સુધારા કરવા પડશે.

**વેન્ટિક્યુલર આસિસ્ટ ડિવાઇસિસ (VAD) તરીકે ઓળખાતા લોહીના પંપનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે.**

### VAD થેરેપી શું છે ?

મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ દ્વારા આશાનો સંચાર કરવો, મિકેનિકલ સર્ક્યુલેટરી સપોર્ટ (એમસીએસ)માં વેન્ટ્રિક્યુલર આસિસ્ટ  ડિવાઇસિસ (VAD) તરીકે ઓળખાતા લોહીના પંપનો ઉપયોગ કરીને લોહીનો પ્રવાહ સુધારવામાં આવે છે. તે શરીરમાં લોહી પમ્પ કરવામાં હૃદયને મદદ કરે છે. તે હૃદયને બદલી નાખતું નથી. આ ઉપકરણ બેસાડવા માટે દર્દીએ સર્જરી કરાવવી પડે છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની રાહ જોતા દર્દીઓને ડોનરનું હૃદય મળે ત્યાં સુધી VAD તેમને જીવિત રહેવામાં મદદ કરી શકે છે. તેને બ્રિજ-ટુ-ટ્રાન્સપ્લાન્ટેશન તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક એડવાન્સ્ડ હાર્ટ ફેઈલ્યોરના દર્દીઓ અન્ય બીમારીના કારણે અથવા તેમની વયના કારણે ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકતા નથી. આવા દર્દીઓને લાંબા ગાળાના VAD સપોર્ટથી ફાયદો થઈ શકે છે. તેને સ્ટિનેશન થેરેપી' કહે છે.

### LVAD શું છે ?

LVAD)નું આખું નામ લેફ્ટ વેન્ટ્રિક્યુલર આસિસ્ટ ડિવાઇસ છે. તે એક યાંત્રિક ઉપકરણ છે હૃદય જ્યારે એટલું નબળું હોય કે પોતાની જાતે શરીરમાં લોહી પહોંચાડી ન શકે ત્યારે આ ઉપકરણની મદદથી આખા શરીરમાં લોહીનું પરિભ્રમણ કરાવી શકાય છે. ઘણી વખત તેને 'હાર્ટ પંપ' અથવા 'VAD' તરીકે પણ ઓળખવામાં આવે છે. હાર્ટમેટ 2 એ ટચુકડા કદનું ઇમ્પ્લાન્ટ થઈશકે તેવું LVAD છે. જે તબીબી ટેક્નોલોજીમાં મોટી સિદ્ધિ છે અને વિશ્વમાં ઝડપભેર આ પ્રકારનું સૌથી વધુ વપરાતું ઉપરકરણ બની ગયું છે અને  હવે તે ભારતમાં પણ ઉપલબ્ધ થઈ ગયું છે. LVAD વિવિધ  કદમાં આવે છે, પરંતુ હાર્ટમેટ-2 એફડીએ દ્વારા મંજૂર કરાયેલા તમામ LVADમાં સૌથી નાનું છે. તે લગભગ 3 ઈંચની લંબાઈ  ધરાવે છે.



CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-185| December 25, 2025

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

# ભારત દેશના યુવાનોમાં વધતું હૃદયરોગનું પ્રમાણ : કારણો અને ઉપાયો



ડૉ. અનિશ ચંદારાણા

MD, DM (Cardiology)
Interventional Cardiologist
+91 98250 66661 | +79-4805 1008
anish.chandarana@cims.me

હૃદયરોગ અને હૃદયરોગનો હુમલો (હાર્ટ એટેક) વિશ્વના કરોડો લોકોને હેરાન કરતી અને મૃત્યુ માટે જવાબદાર એવી ગંભીર બિમારી છે. પરંપરાગત રીતે હૃદયરોગ ઉંમરલાયક અને વયસ્ક લોકોને થતી બીમારી છે, છતાં છેલ્લા એક-બે દશકથી આપણે ઘણાં યુવાનોને આ બિમારીથી હેરાન થતા જોઈ રહયાં છીએ. ૨૦ થી ૩૦ વર્ષના યુવાનોમાં હાર્ટ એટેકનો હુમલો હવે એટલી નવી વાત રહી નથી, ખાસ કરીને ભારત દેશ અને દક્ષિણ એશિયાના દેશોમાં. છેલ્લા વર્ષોનાં સંશોધનો અનુસાર વિશ્વના હૃદયરોગના કુલ દર્દીઓમાંથી ૫૦-૬૦% જેટલા દર્દી ભારતમાં અથવા વિશ્વમાં રહેતા ભારતીયો છે. આપણા દેશ અને ગુજરાત રાજયની કેટલીક હોસ્પિટલના ડેટા પણ છેલ્લા ૨-૩ વર્ષોમાં હૃદયરોગના વધતા પ્રમાણને ઉજાગર કરે છે. એટલું જ નહીં, રાજ્યની મોટી અને જાણીતી હોસ્પિટલોમાં એવા કોઈ દિવસો નથી હોતાં કે જ્યારે કોઈ યુવાન દર્દી હૃદયરોગ સાથે ઈમરજન્સી રૂમમાં ન આવ્યો હોય. યુવાનોને જયારે હૃદયરોગનો હુમલો આવે છે ત્યારે જીવનનું મોટું જોખમ ઉભું થાય છે. એટલું જ નહીં, ભવિષ્યમાં હૃદય નબળું (હાર્ટ ફેલ્યોર) પડવાની અને અચાનક મૃત્યુ (સડન કાર્ડિયાક ડેથ) થવાની શક્યતા પણ વધી જાય છે.

## ભારતીય યુવાનોમાં શા કારણોસર હૃદયરોગનું પ્રમાણ વધી રહયું છે ?

દુર્ભાગ્યવશ, આનુવંશિક રીતે જ ભારતીયોમાં નાની ઉંમરે હૃદયને લોહી આપતી ધમનીઓમાં ચરબી જામવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. અમેરિકા, યુરોપ અથવા જાપાનના લોકોની તુલનામાં, ભારતીયોને હૃદયનો હુમલો આવવાની સરેરાશ ઉંમર ૧૦ થી ૧૫ વર્ષ ઓછી છે. એટલું જ નહી, હૃદયરોગના હુમલાથી થતાં કોમ્પ્લિકેશન્સ જેવા કે મૃત્યું, હૃદય નબળુ પડવું, વાલ્વ ડેમેજ થવો વગેરે પણ ભારતીયોમાં વધારે જોવા મળે છે. શહેરીકરણ અને આધુનિકરણના પ્રતાપે છેલ્લા ૧૦-૨૦ વર્ષોમાં ભારતીયોની જીવન પધ્ધતિમાં ઘણાં નુકશાનકારક પરિવર્તનો જોવા મળ્યા છે. જીવન જીવવાની ખોટી પસંદગીઓ; અયોગ્ય અને હાનિકારક આહાર; તમાકુ, દારૂ અને અન્ય નશીલા પદાર્થોનું સેવન; કસરત અને રોજિંદા જીવનમાં મહેનતનો અભાવ; અપૂરતી, સમયભાન વગરની અને ખરાબ ઊંઘ; કામના લાંબા કલાકો; પ્રકૃતિના ચકથી વિરુધ્ધની જીવન પધ્ધતિ; અનિયંત્રિત લાગણી અને આવેશમય વ્યવહારો; જીવનમાં વિવિધ તાણને ખાળવાની અને સહન કરવાની શકિતનો અભાવ; જીવનમાં મર્યાદા બહારની મશીન પર આધારિતતા; મોબાઈલ ફોન/સ્ક્રિનનો શિસ્ત વગરનો ઉપયોગ; પ્રેમ-હૂંફ અને આધાર આપતા માનવ સબંધોનો અભાવ વગેરે જેવા કારણોથી હૃદયરોગની બિમારી ઘરે ઘરે અને ખાસ કરીને યુવાનોમાં ખૂબ ઝડપથી ફેલાઈ ચૂકી છે. છેલ્લાં થોડા વર્ષોના સંશોધનોએ યોગ્ય હેલ્થ ચેક અપ કર્યા વગર એકાએક શરૂ કરવામાં આવતી અને પ્રમાણ ભાન વગરની કસરત પર પણ એક પ્રશ્નાર્થ મૂકી દીધો છે. અતિ ઉત્સાહ કે દેખાદેખીથી કરવામાં આવતી ભારે કસરતોથી યુવાનોમાં હાર્ટ એટેક અથવા સડન કાર્ડિયાક એરેસ્ટ ના કિસ્સાઓ ઘણાં વધી ગયા છે.



## હૃદયરોગ અને હૃદયરોગનો હુમલો :લક્ષણો

જુદા જુદા કારણોના લીધે હૃદયને લોહી આપતી ધમનીઓ (કોરોનરી આર્ટરી) ની અંદર ચરબીનું પડ –છારી જામવાની પ્રક્રિયા બહુ નાની ઉંમરથી જ શરૂ થઈ જાય છે. લોહીનું ઊંચુ દબાણ(હાઈ બીપી) ડાયાબિટીસ, લોહીમાં ખરાબ કોલેસ્ટેરોલ(એલડીએલ કોલેસ્ટેરોલ)નું ઊંચુ પ્રમાણ, તમાકુંનું સેવન, બેઠાળું જીવન, કસરત વગરની જીવનશૈલી, વધારે પડતી તાણ તથા માનસિક અસ્વસ્થતા, વધારે વજન(ઓબેસીટી) અપૂરતા ઊંઘ-આરામ, વધતી ઉંમર, હૃદયરોગનો વારસો(પરિવારના સભ્યોમાં ૪૫-૫૦ વર્ષ કરતાં ઓછી ઉંમરે હૃદયરોગની બિમારી હોય) વગેરે જેવા પરિબળો ધમનીના સાંકડા થવાની પ્રક્રિયાને વેગ આપે છે. જયારે હૃદયની ધમનીઓ ખૂબ સાંકડી થઈ જાય છે ત્યારે, શ્રમ દરમિયાન હૃદય પોતાને મળતા રક્ત પ્રવાહમાં વધારો કરી શકતું નથી. આના કારણે વ્યક્તિને છાતીના વચ્ચેના ભાગમાં દબાણ કે દુખાવો

Marengo CIMS Hospital

HUMANE BY PRACTICE

થાય છે, ભીંસ આવતી હોય તેવું લાગે છે કે શ્વાસ ચડે છે. કેટલાક કિસ્સામાં સાંકડી થયેલી આ ધમનીની અંદર અચાનક લોહી જાડું થઈ - લોહીનો ગઠ્ઠો(ક્લોટ) બની જાય છે. આમ થવાથી હૃદયના કોઈ એક ભાગને મળતો લોહીનો પુરવઠો સદંતર બંધ થઈ જાય છે. આના કારણે વ્યક્તિને ઓચિંતા જ છાતીમાં દબાણ, શ્વાસ લેવામાં મુશ્કેલી, ઉલ્ટી-ઉબકા જેવું, પરસેવો વળવો વગેરે જેવી તકલીફો અનુભવાય છે. આ ઘટનાને હૃદયરોગનો હુમલો કહેવામાં આવે છે.

**હૃદયરોગ : સંભાળ અને સારવાર**

આપણામાં કહેવત છે 'ચેતતો નર સદા સુખી'. દરેક યુવાને ૧૮ વર્ષની ઉંમર પછી નિયમિત અંતરે બ્લડ પ્રેશર મપાવવું તથા લોહીના સામાન્ય પરીક્ષણો (સુગર અને કોલેસ્ટેરોલના પ્રમાણ) કરાવવા જોઈએ. જેમના પરિવારમાં હૃદયરોગની સમસ્યા હોય તેમણે તો વિશેષપણે જાગૃત રહેવું જોઈએ.

"હું તો યુવાન છું અને મને હાર્ટ એટેક ન જ આવે" એવા અતિ કે મિથ્યા આત્મવિશ્વાસમાં ન રાચવું. કોઈપણ યુવાનને છાતીમાં દબાણ અનુભવાય, અતિશય થાક લાગે, સામાન્ય પ્રવૃતિઓ કરતી વખતે પણ શ્વાસ ચઢે તો ડોકટરનો સંપર્ક કરવો જોઈએ. યાદ રાખો, ઘણાં દર્દીઓમાં હૃદયરોગના લક્ષણો અસામાન્ય હોય છે, પીઠમાં દુખાવો થવો, ખભા દુખવા, જડબામાં દુખાવો થવો, પેટમાં દુખાવો થવો, અને ગેસ ભરાયાનો અહેસાસ થવો જેવા લક્ષણો પણ હૃદયરોગની હાજરી દર્શાવી શકે છે.

- હૃદયરોગ થવાના "જોખમી પરિબળો" હોય તો તરત તેમની સારવાર કરાવી તેમને કાબૂમાં રાખવા. જ્યારે જરૂરી જ હોય ત્યારે દવા લેવાનો વિરોધ જાન લેવા સાબિત થઈ શકે છે.
- શાકભાજી-ફળ-અનાજ-નટ્સ-કઠોળને આહારમાં મુખ્ય સ્થાન આપી; ડેરી જન્ય પદાર્થો, પેકેટેડ ફૂડ અને અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનો ઉપયોગ ઘટાડવો. સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચે મુખ્ય ભોજન લેવા. શાંતિચિત્તે અને જાગૃતિપૂર્વક ભોજન લેવું.
- યોગ-પ્રાણાયામ-કસરતને જીવનમાં નિયમિત સ્થાન આપવું. રોજ-બરોજના જીવનમાં શ્રમ અનિવાર્ય છે. ઘરે અથવા કામના સ્થળે સીડી ચડવી, ચાલવું અને સતત લાંબો સમય બેસી ન રહેવું.
- સૂર્યાસ્ત થી સૂર્યોદય વચ્ચે ૬ થી ૮ કલાક સારી ઊંઘ લેવી. સૂવાના છેલ્લા ૨ કલાકો દરમિયાન ઉગ્ર વાતચીત, સ્ક્રીનનો ઉપયોગ અને મુશ્કેલ કામો ટાળવા. સુંદર વાંચન, ઊંડા શ્વાસ, શવાસન અને ધ્યાન કરવાથી ઊંઘની ગુણવત્તા સુધરે છે. આપણા જીવનની ઘડિયાળને પ્રકૃતિની ઘડિયાળ સાથે મેળવવી.
- તમાકુ, મદ્યપાન અને નશીલા પદાર્થોનો ત્યાગ કરવો. જરૂર પડે તો ડોકટર, મનોચિકિત્સક અથવા કાઉન્સેલરની સલાહ લેવી.
- તાણ દૂર કરવાના ઉપાયો જેવાકે સંગીત, વાંચન, પ્રવાસ, ધ્યાન, કસરત, રમત –ગમત તથા અન્ય ગમતી પ્રવૃતિઓને દૈનિક જીવનમાં સ્થાન આપવું. યુવાનોમાં આધ્યાત્મિકતા એ ૨૧મી સદીની જરૂરિયાત છે.
- કુટુંબમાં, કામના સ્થળે તથા સગા-સબંધીઓ સાથે સારા સુમેળભર્યા સબંધો કેળવવા. હકારાત્મક સામાજિક સબંધો હૃદય તથા મનના સ્વાસ્થ્યને ખૂબ સુધારે છે.
- જો તકલીફ વધારે હોય અને યોગ્ય ડોકટર અમુક અદ્યતન પરીક્ષણો-જેવા કે સ્ટ્રેસ ટેસ્ટ, ઈકોકાર્ડિયોગ્રાફી અથવા એન્જિયોગ્રાફી કરાવવાની સલાહ આપે તો જરૂર કરાવવા. ઈમરજન્સી ન હોય તો બીજો અભિપ્રાય લઈ શકાય.પણ જાતે નિર્ણય લઈ પોતાના અજ્ઞાનની સજા પોતાને ન આપવી.

કોઈપણ પરિવાર, સમાજ અને દેશના વર્તમાન તથા ભવિષ્ય તેના યુવાનોના તન-મનના સ્વાસ્થ્ય પર આધાર રાખે છે. સ્વસ્થ યુવાન એ દેશની ધરોહર છે. યુવાનોનો એક નિર્ણય "હું મારી જાતને સ્વસ્થ રાખીશ" વિશ્વ માટે સૌથી મોટી મૂડી અને આશાનું સર્જન કરે છે.



CIMS NEWS CARE & CURE
Volume-16 | Issue-185| December 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# રેનલ સાયન્સ ડિપાર્ટમેન્ટ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલે મહાન સિદ્ધિ હાંસલ કરી: 100 કિડની ટ્રાન્સપ્લાન્ટ, 100 જીવન બચાવ્યા



ડૉ. સિધ્ધાર્થ માવાણી
MBBS, MD (General Medicine),
DNB (Nephrology)
ડિરેક્ટર - નેફ્રોલોજી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ
+91 98253 17953
siddharth.mavani@marengoasia.com

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ આજે પશ્ચિમ ભારતમાં અંગ પ્રત્યારોપણ માટે પસંદગીના સ્થળ તરીકે ઉભરી આવી છે. આ ઐતિહાસિક સિદ્ધિ મૈરિંગો સિમ્સ હોસ્પિટલની કિડની સંભાળમાં અગ્રણી તરીકેના સ્થાન અને બચાવેલી જિંદગીને શ્રેષ્ઠ બનાવવા માટે દર્દીની સંભાળ વધારવા માટેની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

અમદાવાદમાં તબીબી શ્રેષ્ઠતાના કેન્દ્ર તરીકે સ્થપાયેલી **મૈરિંગો સિમ્સ હોસ્પિટલે 100 સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટની** સિદ્ધિ હાંસલ કરી જે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ સિદ્ધિ આરોગ્યસંભાળને આગળ વધારવા અને અંગ પ્રત્યારોપણ દ્વારા જીવન બચાવવા માટે હોસ્પિટલની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ માટેની તબીબી ટીમ વર્ષોથી અદ્યતન ટેકનોલોજી અને અદ્યતન સર્જિકલ તકનીકો સાથે વિકસિત થઈ છે અને કિડની ટ્રાન્સપ્લાન્ટમાં તબીબી શ્રેષ્ઠતા માટે પસંદગીની ટીમ તરીકે ઉભરી છે. આ ટીમનું નેતૃત્વ **ડો. સિદ્ધાર્થ માવાણી, ડાયરેક્ટર- નેફ્રોલોજી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ સાથે ડૉ. પંકજ શાહ, ડૉ. હિતેશ દેસાઈ, ડૉ. મયુર પાટીલ** ટીમ મૈરિંગો સિમ્સ હોસ્પિટલ કરી રહ્યા છે.

રેનલ સાયન્સમાં સર્જિકલ પ્રોસીજર્સ 2015 માં મૈરિંગો સિમ્સ હોસ્પિટલમાં કરવામાં આવેલા પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ સાથે શરૂ થઈ હતી. વર્ષોથી, ટીમ દર્દીની સંભાળને વધારવા અને દર્દીની ઝડપી રિકવરીને ઓપ્ટિમાઇઝ કરવા માટે અપનાવવામાં આવેલી અગ્રણી સર્જિકલ પ્રોસીજર્સ માટે જાણીતી બની છે. પરિવર્તનકારી પ્રોસીજર્સમાં, અંગ પ્રત્યારોપણ માટે હોસ્પિટલને પસંદગીના સ્થાન તરીકે સ્થાપિત કરવા ટ્રાન્સપ્લાન્ટ પરિણામો નોંધપાત્ર રીતે વિસ્તરી રહ્યાં છે.

કિડની ટ્રાન્સપ્લાન્ટેશન એ એક ઓપરેશન છે જેમાં દાતા પાસેથી મેળવેલી તંદુરસ્ત કિડની એવી વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે જેની કિડની હવે યોગ્ય રીતે કામ કરતી નથી. આ ટ્રાન્સપ્લાન્ટ જીવિત દાતા અથવા મૃત દાતામાંથી થઈ શકે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિને અંતિમ તબક્કાની કિડની રોગ (ESRD) અથવા કિડની નિષ્ફળતા હોય.આ સ્થિતિ ત્યારે થાય છે જ્યારે કિડની અસરકારક રીતે લોહીમાંથી કચરો અને વધારાનું પ્રવાહી ફિલ્ટર કરવામાં સક્ષમ ન હોય.

E S R D ના સામાન્ય કારણોમાં ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, ગ્લોમેર્યુલોનફ્રીટીસ (કિડનીના ફિલ્ટરિંગ યુનિટની બળતરા), અને પોલિસિસ્ટિક કિડની રોગ જેવી દીર્ઘકાલીન સ્થિતિઓનો સમાવેશ થાય છે

**ડો. સિદ્ધાર્થ માવાણી, ડાયરેક્ટર - નેફ્રોલોજી અને કિડની ટ્રાન્સપ્લાન્ટ,** મૈરિંગો સિમ્સ હોસ્પિટલ કહે છે,"100 કિડની ટ્રાન્સપ્લાન્ટની સફર એક સક્ષમ યુનિટ તરીકે અમારી ક્લિનિકલ શ્રેષ્ઠતા સ્થાપિત કરવાની જવાબદારી છે નોંધપાત્ર રહી છે.અમને ખૂબ ગર્વ છે કે અમે સદી ફટકારી છે. મેનેજમેન્ટે અમને આ શક્ય બનાવવા માટે જે સમર્થન આપ્યું છે તે અમને દર્દીની સંભાળના પરિણામો સુધારવા, વધુ જીવન બચાવવા અને પસંદગીના આરોગ્યસંભાળ પ્રદાતા તરીકે અમારી સ્થિતિને મજબૂત કરવા માટે માર્ગદર્શન આપે છે.

**મૈરિંગો સિમ્સ હોસ્પિટલ કેચરમેન ડો. કેયુર પરિખ કહે છે,** "જેમ કે અમે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ માં 100 સફળ કિડની પ્રત્યારોપણ માઈલસ્ટોન સેલેબ્રેટ કરે છે, અમે અમારી સાથે ડૉક્ટરોની ટીમની સક્ષમતા ને ઓળખીએ છીએ. જેમ કે- કિડની પ્રત્યારોપણની અમારી આ સંખ્યા આગળ વધી રહી છે, અમે આ મહત્વપૂર્ણ કાર્યને સમર્થન આપવા માટે સક્ષમ છીએ દાન, તેમની આશાને નવીનિત કરવા અને જીવન શક્તિ બહાલ કરવાની શક્તિ જરૂરી છે.

**ડો. રાજીવ સિંઘલ, મેરિંગો એશિયા હોસ્પિટલ્સના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રૂપ સીઈઓ,** કહે છે, "અમારી હોસ્પિટલમાં 100 કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાના માઈલસ્ટોન સુધી પહોંચવા માટે અમને અત્યંત ગર્વ છે. આ સિદ્ધિ એ અમારી આખી ટીમના સમર્પણ, નવીનતા અને કરુણાપૂર્ણ સંભાળનો પુરાવો છે અને કિડનીની બિમારીથી પ્રભાવિત લોકોના જીવનને સુધારવા માટેની અમારી અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.જેમ જેમ આપણે ભવિષ્ય તરફ ધ્યાન આપીએ છીએ તેમ, અમે અમારા ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામને આગળ વધારવા, નવી અને અદ્યતન તકનીકોને અપનાવવા અને જરૂરિયાતમંદોને જીવન બદલતા ઉકેલો પ્રદાન કરવા માટે સમર્પિત છીએ. આ સિદ્ધિ માત્ર એક સંખ્યા નથી; "તે અમારા દર્દીઓ અને તબીબી ટીમના જીવન, હિંમત અને સ્થાયી ભાવનાની ઉજવણી છે."

એવો અંદાજ છે કે દર વર્ષે 1.8 લાખ લોકો કિડની ફેલ્યોરથી પીડાય છે, જો કે, કિડની ટ્રાન્સપ્લાન્ટની સંખ્યા માત્ર 6000ની આસપાસ છે. એક અંદાજ મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ 2 લાખ દર્દીઓ લીવર ફેલ્યોર અથવા લીવર કેન્સરથી મૃત્યુ પામે છે, જેમાંથી લગભગ 10-15%ને સમયસર લિવર ટ્રાન્સપ્લાન્ટેશન દ્વારા બચાવી શકાય છે. કિડની ટ્રાન્સપ્લાન્ટેશન એ અંતિમ તબક્કાની કિડની રોગથી પીડિત વ્યક્તિઓ માટે આશાનું કિરણ પૂરું પાડે છે. ડાયાલિસિસથી વિપરીત, જે કામચલાઉ ઉકેલ તરીકે કામ કરે છે, સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટ લાંબા ગાળાની રાહત આપી શકે છે અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.



# ન્યુરોસાયન્સ

**મગજ, કરોડરજ્જુ અને ચેતાતંતુ ની સચોટ સંભાળ**

## અમારી વિશેષતાઓ

**• ન્યુરોસર્જરી • ન્યુરોઇન્ટરવેન્શન • ન્યુરોલોજી • સંપૂર્ણ કરોડરજ્જુની સંભાળ • DBS**

**સુવિધાઓ:** • ઇન્ટ્રાઓપરેટિવ વાસ્ક્યુલર ડોપ્લર • એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જરી • ટ્રાન્સફોરામિનોસ્કોપી • અવેક ન્યુરોસર્જરી • પેન્ટેરા માઇક્રોસ્કોપ • ટ્યુમર ગ્લો અને ICG • મેસોનિક્સ / CUSA / MISS • ન્યુરોઇન્ટરવેન્શન કેથલેબ • ન્યુરોનેવિગેશન • સ્ટીરિયોટેક્ટિક (લેક્સેલ વેન્ટેજટી™) ફ્રેમ

**સેવાઓ:** • સ્કલ બેઝ ટ્યુમર સર્જરી • પીટ્યુટરી ટ્યુમર સર્જરી • એન્ડોસ્કોપિક બ્રેઇન અને સ્પાઇન સર્જરી • એન્ડોવાસ્ક્યુલર ઇન્ટરવેન્શન્સ • સ્પાઇન અને વાસ્ક્યુલર સર્જરી • બ્રેઇન અને સ્પાઇન ઇન્ફેક્શન • બાળકોની બ્રેઇન સર્જરી • મગજના કેન્સરની સર્જરી • ડીપ બ્રેઇન સ્ટીમ્યુલેશન સર્જરી • સ્પાઇનલ કોર્ડ સ્ટિમ્યુલેશન સર્જરી • ઇન્ટ્રાથેકલ બેક્લોફેન પંપ ઇમ્પ્લેન્ટેશન સર્જરી

**વિશેષજ્ઞતા:** • ડીપ બ્રેઇન સ્ટીમ્યુલેશન (DBS) • પાર્કિન્સન • ડિસ્ટોનિયા અને ટ્રેમર્સ માટે એબ્લેશન સર્જરી • સ્પાઇનલ કોર્ડ અને સેક્રલ ન્યુરોમોડ્યુલેશન • એપીલેપ્સી • બ્રેકિયલ પ્લેક્સસ અને નર્વ સર્જરી • પેઇન મેનેજમેન્ટ અને સ્પાસ્ટિસિટી પ્રક્રિયાઓ • પાર્કિન્સન, ટ્રેમર અને ગેટ ડિસઓર્ડર કેર • સ્લીપ અને મૂવમેન્ટ-સંબંધિત ડિસઓર્ડર્સ • DBS મૂલ્યાંકન અને પ્રોગ્રામિંગ મૂવમેન્ટ ડિસઓર્ડર્સ માટે બોટ્યુલિનમ ઇન્જેક્શન

**સોમવાર થી શનિવાર** | **સવારે 9:00 થી સાંજે 7:00**

**24 x 7 ઇમરજન્સી સેવા**

## અમારા નિષ્ણાત ડૉક્ટરોની ટીમ

- **ન્યુરો અને સ્પાઇન સર્જરી:** ડૉ પરિમલ ત્રિપાઠી, ડૉ વાય. સી. શાહ, ડૉ દેવેન ઝવેરી, ડૉ ટી. કે. બી. ગણપતિ, ડૉ શર્વિલ ગજ્જર, ડૉ કવચ પટેલ, ડૉ દીપક બેતાઇ
- **ન્યુરોલોજી:** ડૉ મુકેશ શર્મા, ડૉ કેવલ ચાંગડિયા, ડૉ પ્રિયંક શાહ, ડૉ દેવશી વિશાના
- **પાર્કિન્સન, ડીબીએસ અને મૂવમેન્ટ ડિસઓર્ડર્સ:** ડૉ ચિરાગ સોલંકી, ડૉ નરેન્દ્ર બારડ, ડૉ મિતેશ ચંદારાણા

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola,
Ahmedabad - 380060.

JCI (USA)

પૂછપરછ અને અપોઇન્ટમેન્ટ માટે, સંપર્ક કરો:
✆ : +91-82380 95712 / 82380 95715

**મેરિંગો એશિયા નેટવર્ક હોસ્પિટલ્સ: ભારત:** અમદાવાદ | ફરીદાબાદ | ભુજ | ગુરુગ્રામ | વારાણસી | સુરત | વડોદરા **આંતરરાષ્ટ્રીય:** કિંગડમ ઓફ સાઉદી અરેબિયા

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE



## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
## ઇન્સ્ટિટ્યૂટ ઓફ
# ઓર્થોપેડિક્સ અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ

અદ્યતન ઓર્થોપેડિક સારવાર સાથેદર્દમાંથી રાહત મેળવો અને ગતિશીલતા પુનઃસ્થાપિત કરો

### દર્દી સંભાળમાં અમારી મુખ્ય શક્તિઓ

- જટિલ ઓર્થોપેડિક અને સ્પાઇન સર્જરીમાં વિશેષ નિષ્ણાતી
- ચોકસાઈ અને ઝડપી સાજા થવા માટે રોબોટિક જોડા બદલાવ સર્જરી
- દીર્ઘકાળીન પરિણામો માટે વ્યક્તિગત સંભાળ અને પુનર્વસન

- ✓ જોડા બદલાવ સર્જરી (ઘૂંટણ, હિપ, ખભો, એન્કલ, કોણી)
- ✓ જટિલ અને મુશ્કેલ ફ્રેક્ચર સહિત તમામ પ્રકારની ટ્રોમા કાળજી
- ✓ આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિન
- ✓ ખભાની સર્જરી
- ✓ સ્પાઇન સર્જરી
- ✓ પગ અને એન્કલની ઓર્થોપેડિક સર્જરી
- ✓ બાળ ઓર્થોપેડિક સર્જરી
- ✓ ઓર્થોપેડિક ઓન્કોલોજી સર્જરી

**24x7 ઈમરજન્સી**

### નિષ્ણાતોની ટીમ

- **જોડા બદલાવ અને આર્થ્રોસ્કોપી:** ડૉ. કે.સી. મહેતા | ડૉ. નલિન પટેલ | ડૉ. દર્શન બધાણી
- **ઓર્થોપેડિક્સ અને ટ્રોમા:** ડૉ. પ્રણવ શાહ | ડૉ. નીલ સેહરા
- **ઓર્થો શોલ્ડર સર્જરી:** ડૉ. તીર્થ વ્યાસ
- **ફૂટ અને એન્કલ:** ડૉ. હર્ષ વ્યાસ
- **ઓર્થો સ્પાઇન ઇન્જરી:** ડૉ. શરવિલ ગજ્જર
- **આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ ઇન્જરી:** ડૉ. સમીપ શેઠ | ડૉ. પ્રથમેશ જૈન
- **ઓર્થો ઓન્કોલોજી:** ડૉ. અશ્વિન પ્રજાપતિ

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola,
Ahmedabad - 380060.

JCI (USA)

પૂછપરછ અને અપોઇન્ટમેન્ટ માટે, સંપર્ક કરો:
✆ : +91-82380 95712 / 82380 95715

**મૈરિંગો એશિયા નેટવર્ક હોસ્પિટલ્સ: ભારત:** અમદાવાદ | ફરીદાબાદ | ભુજ | ગુરુગ્રામ | વારાણસી | સુરત | વડોદરા **આંતરરાષ્ટ્રીય:** કિંગડમ ઓફ સાઉદી અરેબિયા

# CIMS NEWS CARE & CURE

Volume-16 | Issue-184| November 25, 2025

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2023-2025 valid upto 31st December, 2025
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/NG/107/2023-2025 valid upto 31st December, 2025



If Undelivered Please Return to

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription







**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**